અપીલ અરજી નં.૩/૦૮–૦૯ તા.૫–૪–૦૮

અરજદારઃ શ્રી પિયુષભાઈ ઠાકોરભાઈ પટેલ
સામાવાળાઃ ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવા ઝોન

# હુકમઃ–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી પિયુષભાઈ ઠાકોરભાઈ પટેલની તા.૨૬–૨–૦૮ની ટી.પી –૧ (વેસુ) ફા. પ્લોટ નં.૬૯ વાળી જમીનમાં આપવામાં આવેલ વિકાસ પરવાનગીની તા.૪–૨–૦૮ ના હુકમથી રદ કરવામાં આવેલ તે અંગે ગેરકાયદેસર બાંધકામ દૂર કરવા સંબંધી માહિતી માંગવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૫–૪–'૦૮ ની અપીલ અરજી નં.૩/૨૦૦૮–૦૯

શ્રી પિયુષભાઈ ઠાકોરભાઈ પટેલની તા.૨૬–૨–૦૮ની ટી.પી –૧ (વેસુ) ફાયનલ પ્લોટ નં.૬૯ વાળી જમીનમાં આપવામાં આવેલ વિકાસ પરવાનગી તા.૪–૨–૦૮ ના શહેર વિકાસ અધિકારીના હુકમની નકલથી રદ કરવામાં આવેલ તે અંગે ગેરકાયદેસર બાંધકામો દૂર કરવા સંબંધી માંગેલ માહિતી અંગે મદદનીશ જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનના પત્ર નં.૧૭૨ તા.૧૮–૩–૦૮ થી પૂરી પાડેલ માહિતી ભરેલા પૈસા રૂ.૧૪૫૦/– કરતાં ઓછી નકલ એટલે કે ૩૬૫ આપેલ છે તેમજ બિન જરૂરી માહિતી પૂરી પાડેલ છે તેવું જણાવી તેનાથી નારાજ થઈ અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૫–૪–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૨ તા.૨૩–૪–૦૮ ના રોજ ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવા ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. પરંતુ આજ દિન સુધી કોઈ પૂરક કે વિશેષ માહિતી અત્રેના વિભાગને ઉપલબ્ધ થયેલ નથી. કે માહિતી નહીં પુરી પાડવા સબબ કોઈ અપવાદનો બચાવ રજુ કરેલ નથી.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૬–૨–૦૮ની અરજીથી માંગ્યા મુજબની માહિતિ પૈકી જરૂર જણાયે અરજદારને ફાઈલનું ઈન્સ્પેકશન પુરું પાડી નહી પૂરી પાડેલ માહિતી કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી વસુલ લીધેલ ફી ના વિવરણ સહિત દિન–૭માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા તેમજ તદઅનુસાર ફી દસ્તાવેજ ફી ની રકમ સરભર કરવા ડે.કમિશ્નર (સ્પે) અને અને અને જાહેર માહિતી અધિકારી અઠવા ઝોનને જણાવવામાં આવે છે. "

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૫ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી,અઠવા ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી પિયુષભાઈ ઠાકોરભાઈ પટેલ,